॥ ॐ श्री परमात्मने नमः ॥

મૃગલોચની.

નાટકનાં ગાયનો.

શ્રી રાજનગર નૈતિક નાટક સમાજ માટે.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

રાજકવિ ગૌરીશંકર ત્રિભૂવન ઉપાધ્યાય.

(શ્રી રા૦ નૈતિક નાટક સમાજના માલેક.)

હળવદ (કાઠીઆવાડ.)

આવૃત્તિ પહેલી (નકલ ૨૦૦૦)

સંવત ૧૯૬૭ • સને ૧૯૧૧.

અમદાવાદ ખાડીઆમાં હિતેચ્છુ પ્રેસમાં

શા. કાળીદાસ ઘહેલાભાઇએ છાપ્યાં.

કિંમત બે આના.

મૃગલોચની નાટકનાં ગાયનો

૪૭૪૮

૧૭ ૫૦

મૃગલોચનીના નાટકનો

ટુંક સાર.

અંક ૧ લો.

(પ્રવે)શ ૧ લો–મગધદેશ—બગીચામાં મદનસિંહ તરફથી જયંતસેન, શ્યામસિંહ તથા સુંદરસિંહને મેમાનગતિ. ખુશાલીનો નાચ, મેમાનોને પોશાક, બંદીજનો ગુણીજનોને ઇનામ. નદીપર સુંદરને મોહ. જ્ઞાનવતિનો વિવાહ તથા મૃગલોચનીનો સ્વયંવર તે સબંધી ચર્ચા. સ્વયંવર મંડપમાં જઇ રાજ્ય કન્યાની પ્રાપ્તિ માટે યત્ન કરવા સુંદર સિંહનું કહેવું. મદનસિંહે કર્મમાં હશે તો અનાયાસ પ્રાપ્ત થશે કહેવું. શ્યામસિંહે તે વિષે પુષ્ટિ આપવી. પોતાની વાત મારી જતાં સુંદરનો શ્યામપર દ્વેષ. કર્મને ખોટું કહેવું. સમાજની શુભ સલાહ. કર્મ સાચું મનાવવા શ્યામે કસોટી આપવા યાહોમ કરવું. સુંદરનો પોતાના સિંહલ દેશના યુવરાજ તરીકે નીજ રૂપ પૃથ્વી પર્યટન માટે જવું. શંખચુડ તથા કનકચુ-

ડનું આકાશ માર્ગે આ વિવાદ અંતરીક્ષપણે જોવું.

પ્રવેશ ૨ જો-નટનો ઉતારો—નટી કેતકી પ્રત્યે સુંદરસિંહે પ્રેમ જાહેર કરવો. નટોએ સુંદરને કેતકીની ખોટી આશામાં મુગ્ધ કરવો.

પ્રવેશ ૩ જો-પ્રતાપગઢનું જંગલ—સ્યામનું ઉદાસીન વેશે આવવું. પાછળ પાછળ આવતા વિદ્યાધરોમાં સ્યામ સબંધી ચર્ચા, શંખચુડને સ્યામની હીંમત પર શંકા. કનક ચુડને શ્રદ્ધા. બન્નેમાં શરત. સ્યામને ચલિત કરવાને શંખચુડની પ્રતિજ્ઞા. બન્નેનું જવું. સ્યામે વિશ્રામ લેવો.

પ્રવેશ ૪ થો-ઉપવન-વન લીલાએ આવેલ રાજ કુટુંબ, જ્ઞાની પતિ પ્રાપ્ત કરવાના વિચારમાં મૃગલોચની, તે સાથે જ્ઞાનવતિ અને છોકરીઓની પવિત્ર મુખચર્ચા, સ્યામનું ત્યાંથી પસાર થવું, સર્વ સાથે અનાયાસ મળવું, સ્યામની જ્ઞાનિવૃત્તિ, મૃગલોચનીનો સ્યામ પર પ્રેમ, શંખચુડનું વિરૂદ્ધ દખલ, સ્યામની પ્રથમ કસોટી, સ્યામને મૃગલોચની પરણાવવા રીપુમર્દનનો નિશ્ચય.

પ્રવેશ ૫ મો-મગધદેશ-નટનો ઉતારો-ગુણધર મદનસિંહે આપેલા સાફાના વિચારમાં, શોખીન સ્ત્રીએ સાફાનો ચરિત્રથી સાડલો બનાવવો. મેનાપોપટની નિર્દોષ પ્રીતિ.

પ્રવેશ ૬ ઠો-પ્રતાપગઢ-શયનગૃહ—ગરબો. સ્યામને મંત્રવડે નિદ્રાધીન કરી શંખચુડનું ઉઠાવી જવું.

પ્રવેશ ૭ મો ખાનગી ગૃહ—શ્યામ મેળવવા માટે મૃગલોચનીનું પ્રિયમેળકતિર્થ તરફ જવું.

પ્રવેશ ૮ મો-મગધ દેશ -નટનો ઉતારો—સુંદરે કેતકીની માગણી કરવી. નટોએ પૈસા ખાવા સુંદરને ખોટી શર્તો કહેવી. બનાવી વિદાય કરવો. સુંદરનું આશાબદ્ધ મન.

પ્રવેશ ૯ મો-પ્રતાપગઢ જંગલ—શંખચુડે શ્યામને નિદ્રા મુક્ત કરી માયાવી ડાકણના રૂપથી ફસાવવા તજવીજ ચલાવવી.

પ્રવેશ ૧૦ મો-ઉપવનમાં ઇંદ્રજાળિક ખંડેર મકાન—શ્યામને શંખચુડે ભૂતનાથના રૂપથી લાલચ તથા ભય બતાવવો. શ્યામે શંખને પકડવા જવું. શ્યામની બીજી કસોટી. શંખચુડનું અદ્રશ્ય થવું. ખંડેરનું અદ્રશ્ય થવું ઉપવન પ્રકટ થવું. ઉપવનમાં આવી પહોંચેલી મૃગલોચની અને શ્યામની ભેટ.

ડ્રોપ.

અંક ૨ જો.

પ્રવેશ ૧ લો-વિજયગઢ નટનો ઉતારો—નટોની શર્તો પાળી કેતકીને પ્રાપ્ત કરવાના ઇરાદાથી સુંદરનું આવવું. નટોએ માલ મીલકત હાથ કરી લેવા સુંદરને કૃત્રિમ વચનથી રોકવો.

પ્રવેશ ૨ જો-મગધ દેશ-વન—મૃગલોચની સાથે નિજાનંદમાં શ્યામનું આવવું. કંઇક કાળ નિર્ગમન કરી ત્યાંથી તિર્થાટન માટે જવું.

પ્રવેશ ૩ જો-મગધ દેશ-જંગલ—જયંતનું કુટુંબ સાથે પ્રવાસે નીકળી અત્રે આવવું. મદનસિંહનું મૃગયા માટે ત્યાંથી પસાર થવું. સર્વનો મેળાપ મદન જ્ઞાનવતિમાં પરસ્પર સ્વગત પ્રેમ. બાદ શ્યામનું તૃષિત મૃગલોચનીને લઇ આવવું. શ્યામનું પાણી માટે પહાડ તરફ જવું. માયાવી નાગે શ્યામને ડંશ દેવો. શ્યામનું કુબ્જ બનવું. શંખચુડનું પ્રત્યક્ષ થવું. શ્યામની ત્રીજી કસોટી. મદનસિંહે મૃગલોચનીને ઉપાડી જવી. મૃગલોચનીને ન જોતાં શ્યામનું વિકળ બનવું.

પ્રવેશ ૪ થો-વિજયગઢ નટનો ઉતારો—મુખી, ગુણધર, હળધર, વિગેરે નટોનો ખળતા ભર્યો આનંદ. પરસ્પર ઠઠ્ઠાબાજી.

પ્રવેશ ૫ મો-વિજયગઢ સુંદરનો ઉતારો—સુંદર કેતકીનો સં- [illegible] રૂષાનું આવવું. સુંદરની તેપર નાપસંદગી. કેતકીનો તે બાબત સુંદરને ઠપકો. ઉભ[illegible]મા કલેશ. વામા કામાએ કેતકીને ફોસલાવી

પટાવી પૈસા પડાવવા માટે સુંદર પ્રત્યે કૃત્રિમભાવ બતાવવા શીખવવું. કેતકીનો પોતાની ભ્રષ્ટ જીંદગી પર અફસોસ. સુંદર કેતકીમાં બનાવટી પ્રેમ.

પ્રવેશ ૬ ઠો-મગધ દેશ મેહેલ—મદનસિંહની મૃગલોચની પર કુદ્રષ્ટિ. મૃગલોચનીએ એક પુતળી વડે શરીરનું દ્દષ્ટાંત આપી મદનસિંહને સમજાવવો. મદનસિંહનું લજ્જીત થવું. મૃગલોચનીને પ્રિય મેળકતિર્થ પ્રત્યે મુકવા જવા મદનસિંહનો ઇરાદો.

પ્રવેશ ૭ મો-સૂર્યપુર નટનો ઉતારો—ગુણધર હળધરને છેતરી શર્તમાં પાંચશેર મીઠાઈ પડાવે છે. ભોળા ભટને વિમાસણ.

પ્રવેશ ૮ મો-પ્રતાપગઢ બગીચો—રિપુમર્દન મૃગલોચની પ્રત્યેના વાત્સલ્ય પ્રેમમાં શોકાતુર થએલી ગુણવતીને શાંત્વન આપે છે પુત્રી પર ક્રોધ કર્યાનો પશ્ચાતાપ. બન્નેનું મૃગલોચનીની શોધ માટે નીકળવું.

પ્રવેશ ૯ મો-પ્રિયમેળકતિર્થ શિવમંદિર—હળાહળ કામવાસનાવાળા મૃગલોચનીના આશક મદનસિંહનું કામી વિચારોમાં માલમ પડવું. મૃગલોચનીનો પ્રશ્ન. મદનસિંહે ફરી વિષય વાંછના જણાવવી. મૃગલોચનીએ આવા અનર્થકારક રાગના કારણભૂત પોતાના અંગ વિશે પ્રશ્ન કરવો. મદનસિંહે મૃગસમાન નેત્રો મોહનું કારણ જણાવવું. મૃગલોચનીએ કારણ ભૂત નેત્રો કાઢી આપવાં. મદનસિંહે પશ્ચાતાપ સાથ

પોતાનાં નેત્રો કાઢવા તત્પર થવું. શિવનું પ્રગટ થવું. મૃગલોચની તથા મદનની સ્તુતિથી પ્રસન્ન થઈ દિવ્ય ચક્ષુઓ આપવાં. ધ્યાન કરી જોવું. શંખચુડની ખટપટ ધ્યાનમાં આવવી. શંખચુડ વિષે ઈંદ્ર પ્રત્યે પ્રેરણા ચલાવવી.

ડ્રોપ.

અંક ૩ જો.

પ્રવેશ ૧ લો-પ્રિયમેળકતિર્થ રસ્તો—અનાવૃષ્ટિના સબબે વ્યાકુળ પ્રજા–બાદ મદનસિંહ ઉદાસ સ્થિતિમાં. તેના પ્રધાન તથા નોકરનું આવી મળવું. મદનસિંહને સ્વરાજ્ય પ્રત્યે આવવા વિનવણી. મદનસિંહને વૈરાગ્ય.

પ્રવેશ ૨ જો-વૈતાઢ્ય પર્વત ગુફા—શ્યામ પર અપ્સરાઓ ચલાવવા માટે સિદ્ધિ મેળવવા સાધનમાં બેઠેલ શંખચુડ. શિવપ્રેરણાથી વિદ્યાધ પતિ મણિચૂડનું શંખચૂડ પાસે આવવું. શ્યામસુંદરની પૂર્વ હકીકત જાણવા ઈંદ્ર–જાળીક રૂપક. (ઈંદ્રજાળ).

પ્રવેશ ૩ જો-પ્રિય મેળકતિથ કુંવરીનો બગીચો—મદનસિંહના ઈરાદામાં ફરતી જ્ઞાનવતી અને દાસી. સ્ત્રીશોભાનું આવવું. સમજુતિ. મદનસિંહનું પોતાનો વૈરાગીભાવ થવાથી રાગ છોડી દેવા જ્ઞાનવતિને સમજાવવા મદનસિંહના નોકરને વેષે આવવુ નેપથ્યમાં ભજન ગાય છે, તે સાંભળી જ્ઞાનવતિએ બોલાવવો. વાતચીત.

મદનસિંહનું જાહેર પડવું. જ્ઞાનવતિએ લગ્ન સંબંધી આગ્રહ કરવો. મદનની નામરજી.

પ્રવેશ ૪ થો–તિર્થઘાટ—પતિમેળાપની ઈચ્છાએ મૌન્ય ધરી બેઠેલી યોગિની વેશે મૃગલોચની અનાવૃષ્ટિનું કારણ મૃગલોચની મલીન મંત્ર સાધે છે એવું કલ્પી પ્રજાએ જયન્તને તેડી મૃગલોચનીનું મૌન્ય છોડાવવા મથવું. શ્યામે આવી મૃગલોચનીને જોવી. બીકું ઝડપવું. બોલાવવી. સુંદરે પોતાના ખેલ કરી બતાવવા જયન્ત પાસે અરજ કરવી. જયન્તે તે કબુલ કરવું.

પ્રવેશ ૫ મો–કેતકી પર જયન્ત મોહ પામેલ હોવાને લીધે રાજ દાસીઓનું શણુગાર લઇ આવવું—કેતકીપર જયન્ત મોહીત થયા વિષે મેનાપોપટને આશ્ચર્ય અને તેપર મીઠી મજાક, શૃંગાર સજી રાજસુખના હર્ષમાં ફરતી કેતકીને સુંદરનો પ્રશ્ન. કેતકીનું ચીડાવું. સુંદરનો બળાપો. પ્રેમ પર વૈરાગ્ય.

પ્રવેશ ૬ ઠો–મહેલ–જયન્ત સમક્ષ સુંદરનો ખરતા તારાનો ખેલ, કેતકી મેળવવાના ઇરાદામાં જયન્તે સુંદરનું મૃત્યુ મનોગત ઈચ્છવું, સુંદરે ખેલ બરાબર કરી બતાવવો, કુડી દાનતથી જયન્તે ફરી ખેલ કરવા કહેવું, કેતકીના દીલમાં સુંદર પ્રત્યે દયા, સુંદરે સ્થંભપર મદનસિંહને જ્ઞાનવતિના પ્રેમનો અનાદર કરતો જેવો, તે પરથી દ્રષ્ટાંત લઈ પોતે કેતકીના પ્યારને તિલાંજળી આપી ખેલ કરી સ્થંભપરથી ઉતરી

આવવું, જયન્તની વૃતિ સુંદરની સાહસીકતા જોઇ શુભ થવી, કેતકીનો સુંદરપર સાચો પ્યાર, મુખીની બેવકુફીથી સુંદરનું રાજકુમાર તરીકે પ્રસિદ્ધિમાં આવવું.

પ્રવેશ ૭ મો–નટનો ઉતારો–ગુણધર પાસે હળધરે પોતાનો હેવાલ કહી નટના ધંધાથી ફારગ થવા જણાવવું, ગુણધરની ગમ્મત.

પ્રવેશ ૮ મો–શ્યામનો ઉતારો–પતિનો પત્તો આપી પોતાને બોલાવનાર શ્યામ પાસે અણઓળખાણપણે મૃગલોચનીનું આવવું, બાકી રાખેલી કથા કહેવા માગણી કરવી, શ્યામે યુક્તિથી પોતાનું સત્ય સ્વરૂપ જાહેર કરવું, મૃગલોચનીને શંકા, શ્યામે વિહવળ થઈ મૃગલોચનીને જતી રોકવા યત્ન કરવો, મૃગલોચનીનું શ્યામપર નારાજ થઇ જવું, શંખચૂડનું આવવું, હથીઆર હાથમાં ધારણ કરવા માત્ર કહેવું. ભય આપવો. શ્યામનું પ્રતિજ્ઞા પર દ્દઢ રહેવું. શંખચૂડનું અદ્રશ્ય થવું.

પ્રવેશ ૯ મો–રાજમહેલ—મદનસિંહે સુંદરને કેતકી સાથે પરણાવવા પ્રબોધવો. રિપુમર્દન અને સિંહલેશ્વરને લઇ જયન્તનું આવવું. કેતકીનું આવવું. સિંહલેશ્વર સુંદરનો મેળાપ. કેતકીની ક્ષમાયાચના જ્ઞાનવતિ સાથે મૃગલોચનીનું આવવું. મૃગલોચની અને રિપુમર્દનનો મેળાપ. કેતકી, સુંદર, અને મદનસિંહ જ્ઞાનવતિના લગ્નનો ઠરાવ. શ્યામને લઇ રાજસેવકનું આવવું. જોગણી બોલાવવાના બદલામાં મોં માગ્યું ઇનામ

આપવાના કરાર મુજબ જયન્ત પાસે શ્યામે મૃગલોચનીની માગણી કરવી. મૃગલોચનીને પોતાની સ્ત્રી તરીકે બતાવવી. જયન્તને શ્યામ પર આશંકા અને ક્રોધ. શ્યામે સર્પદંશથી શરીર કુબ્જ થયાનું કહેવું. જયન્તે ક્રોધાવેશમાં સર્પ દંશવોજ જોઇએ એમ કહેવું. શ્યામે સત્ય માટે સર્પદંશ ફરી પણ ચાહવો. ઇંદ્રની સમ્મતિથી પરિણામ લાવવાને શંખચૂડનું આવવું. શ્યામની પાંચમી કસોટી. દંશ કરવો. ઝેર ચુસી લેવું. શ્યામનું દિવ્ય બનવું. શિવઇચ્છાથી સ્થાન દિવ્ય બની જવું. દેવો, પરિયો, અને ઇંદ્ર સાથે શિવનું પ્રગટ થવું શ્યામ સાથે સુંદર સિંહલેશ્વર અને મૃગલોચનીનો મેળાપ. મદનસિંહ, જયંતસેન, રિપુમર્દન વિગેરે સાનન્દાશ્ચર્યમાં ગરકાવ. શિવજીએ શ્યામને વૈતાઢય પર્વતનું રાજ્ય આપી વિદ્યાધર રાજા બનાવવો. શ્યામે સુંદરને સિંહલ દેશનું રાજ્ય સોંપવું. શંખચૂડનો દુરાગ્રહ માટે પશ્ચાતાપ. શ્યામે તેને ક્ષમા આપવી. શિવજીનો સુંદર પ્રત્યે કર્મ સંબંધે પ્રશ્ન. સુંદરે કર્મ સાચું કબુલ કરવું. સુંદર, કેતકી, મદન જ્ઞાનવતિનાં લગ્ન. શિવજીનાં સર્વને વરદાનો. જ્ઞાનિ પતિથી પરણેલી મૃગલોચનીનો કીર્તિરંગ.

શુભમ્ ઇતિ.

પાત્રોની સમજ.

પુરૂષ પાત્ર.

મદનસિંહ—મગધ દેશનો રાજા.
શ્યામસિંહ—સિંહલ દેશનો યુવરાજ.
સુંદરસિંહ— „ ફટાયો શ્યામનો સહોદર
જયંતસેન—પ્રિયમેળક તીર્થનો રાજા.
રિપુમર્દન—પ્રતાપગઢનો રાજા.
શંખચુડ, કનકચુડ—એ બન્ને વિદ્યાધર દેવ.
શિવ—કૈલાસ પતિ મહાદેવ.
મુખી—નટોનો ઉપરી.
ગુણધર, હળધર— એ બન્ને નટ.
સિંહલેશ્વર—શ્યામનો પિતા. સિંહલ દેશનો રાજા.
પોપટ—હળધરનો છોકરો.

સિવાય પ્રધાન, સેનાપતિ, લમ્પી વિદ્યાધરનો રાજા ઇન્દ્ર, નટો, રાજસેવકો, દેવો, દરબારીઓ અને દ્વારપાળ વિગેરે.

સ્ત્રી પાત્રો.

મૃગલોચની—રિપૂમર્દનની કુમારી, શ્યામની સ્ત્રી.
જ્ઞાનવતિ—જયંતસેનની કુમારી, મદનસિંહની સ્ત્રી.
કેતકી—વિજયગઢના મરહુમ ચંપકસેનની પુત્રી.
ગુણવતિ—મૃગલોચનીની મા.
શ્રી શોભા—જ્ઞાનવતિની મા.
મેનાં—નટના મુખીની છોકરી.

સિવાય ગુણધરની સ્ત્રી, દાસીઓ, કંચનીઓ, વિગેરે.

૩૨૬૪

॥ श्री परमात्मने नमः ॥

અંક ૧ લો.

મૃગલોચની

નાટકનાં ગાયનો.

મંગળાચરણ.

સુત્રધાર, બાળાઓ.

જય સાંબ સુખકર અઘ ઓઘ હર હર !
ભુજંગ સુઅંગ ધર, ત્રિપુરારિ ભસ્મધારી ભુતેષ—જય૦
રૂંડમાળ, ચંદ્રભાલ, જગતપાળ, હે દયાળ,
ડમરૂ ધર ત્રિશુલ કર સકલ શુભ કરણ આ.. .. ...
કૈલાસવાસી, મંગળરાશી, સેવક દુઃખ હરણ શીવ—જય૦

નટિ બાળાઓ—

લેખ કર્મના કદાપિ વ્યર્થના થશે
જે હશે, અદ્રશે, જીવ સુખદુઃખ તેવાંજ મેળવશે.
સર્વદા, સર્વથા, કર્મ કોઇથી ન ફરશે.

લિખિએ નિર્ધારી કર્મ ગતિ ભારી
નિરખી ન્યારી ન્યારી નહિં ટળશે લેખ૦
કર્મ તેવું ફળ પ્રગટનાર, બીજ તેવું તરૂ ઉપજનાર
કર્મની વાત અટારી.
લોચનની કયારી કેસુ ન ક્યારી
નિશ્ચે લ્યો નિહાળી બલીહારી બલીહારી છે કર્મની
કર્મજ કરતા હરતા, કર્મે ડુબતા તરતા.
કર્મેજ સહુ ફરતા. લેખ૦

૧

દ્વારપાળ–

શ્રી મદનસિંહજી નૃપતિ વરનો વૃદ્ધિ પામો યશ નિધિ.
દિન પ્રતિ દિન ઇન્દુની કાન્તી વૃદ્ધિ પામે જે વિધિ.
નૃપતિ બીરાજ્યા આજ આ દરબાર દેવાસન દીસે.
શુભ દિન સાલ ગિરેહનો, આનંદ અતિશય ઉર વીશે.

૨

વારાંગનાઓ–

નીસા ગમ પમપ (૨)
સાધ નીપ ધમ પગ 'મગ પમ મરે સારે
ગરેસા નીસા પ નીપ સાસા નીસા ગમપ
ગમ પધની સા પ ની ધપ મગરેસા નીસા૦
નીપ નીપ ગમપ ની ની સાસાસા.
નીસા નીસા નીરે સારે નીસા નીધ પમપ

મગરે ગરેસા રેસાની સાનીધ નીધપ ધપમ

પમગ મગરે ગરેસા નીસા૦

પદ પટકત કર ઝટકત છટકત બસન ઉડત ફરરર ફરરર અતી
આભુષણુ અધર અધર ગતી કૃત હોત આદ ધરરર ધરરર ક્ષીતી
નુપુર ધુન ઝીનનન ઝીનનન ઝુ મૃદંગ બાજ ધીધીકટ ધીધીકટ ધેટ
નાચત કૃષ્ણુ ગોપી કુંજનમે ચપલ તડીતવત્ સબ સમાજ મીલી
નાચત કાન—બીહારી (૩) પમપ નીસા ગમ પમપ.

૩

મદનસિંહ-

આમે નર સુખ દુઃખ પુરવ જનમ કૃતથી
સત્તા જગ જામે મહેશ સુરેસ સમ
ત્રિભૂવન મહીં યશ અવિચળ ઉજ્વલ છાયે-પામે૦
જય પ્રિતિ પામે ગુણુ નિતિ પામે
સુત નારી આજ્ઞાકારી પુરવ સંચિતથી.
સુજન્મ, સુધર્મ, ગૃહધન, સન્માન, સદ્જ્ઞાન
નિશદીન થાયે—પામે૦

૪

કેતકી-

જોબન મદ સમ મદ નહીં, રતી સમ રસ નહીં કોય
સુખ શૃંગાર સમું નહીં, શાણાને એ રહોય.
કહેતાં શરમાઉં અજબ દર્દ આવું
જઈ કોને જણાવું (૨) જાણે પીધો મદ
ચપળ નયન, ચતુર વચન, નવીન, નવીન—કહેતાં૦

મંત્ર મોહન તન, ચિંતવન ચિતપર
વશીકરણ વરતાયે, કંઇક વરતાયે (૨)
મનમાં હું, મુઝાઉં, અકળાઉં, ડરખાઉં,
ગભરાઉં ગુંચવાઉં—કહેતાં૦

૫

વામા, કામા કેતકી–

પીયર વાકી બાની રસીલી લાગે પ્યારી
હય પ્યારી, પ્યારી,— –પીયર૦
સુધ બુધ હરની સોહની સુરતીયાં
સુંદર વર દરસન સે સુખદાય— –પીયર૦
નુકીલે, રસીલે, રંગીલે, અય સજન
મનહર મૃદુ જાદુ ભરે હૈં નયન
મોહાવે મોરા જીયા, લોભાવે મોરા જીયા— –પીયર૦
અમ રોજ હય સહૃ શાદમાં, અચ્છી નજર ફરમાઇહય.
કી હય ઈનાયત લુંત્ફકી, સદહા મહર દરસાઈ હય.
સરકાર ખુશતરીયાં વ રંગરલીયાં હજાર બધાઇ હય.
હય જલ્વગર સુન્નેકા ખુર અમૃતકી બરખા છાઇ હય–પીયર૦

૬

સુંદર, કેતકી–

મારાં માનુંછું મધુરી માનુની સદા
દાના દિલદાર સદા
છું તાબેદાર સદા, માનું આભાર સદા—મારાં૦

મુજ તન મન છો, શાણા સજન છો
શાંતી સદન છો શાણા સજન છો
વ્હાલી છો પ્રેમ વેલી, નાજુકડી નવેલી
રંગે રસ બસ કીધો
હાંરે રસીલી રંગે રસ બસ કીધો
વ્હા વ્હારે વ્હા પાતળીયા, સુજાણ છો શામળીયા.
પ્રવીણ પ્રેમ ભરીયાં સુંદર વર વાહ
વાહ—મારા૦
વચને પળાશો મનહર મળશો
જુદાઇ હરશો, નજર કરશો
જરૂર યાદ કરી જીવનજી
આપું પ્રીતીની નીશાની લ્યો કરે ધરી
વ્હા વ્હારે વ્હા પાતળીયા—
વ્હા—મારા૦

૭

શ્યામ—

સરખા દીન ના સદા રહેતા, પંથી પ્રાણ અરે
સુદ્ધ જન વદતા, મારા દામ, મારાં ધામ—પ્રાણ અરે૦
પુર નદીનાં જણાય ચોમાસામાં જેમ
આ જગ રંગ છે તેવો, જાણે જ્ઞાની નર,
સાચું સંસારે પ્રભુ નામ, પ્રભુ નામ—પ્રાણ અરે૦

૮

શંખચુડ–

આતશને દાબે દબાવું એને,
કારી કસોટીમાં લાવું એને,
મંત્રો ને તંત્રો દેખાડું એને,
ક્ષણમાં રમત રમાડું એને. –આતસને૦
માયાની નગરી ન જોવા બતાવું,
કપટી વેશેથી ભમાવું ભુલાવું,
જોતામાં મોહ પમાડું એને, –આતસને૦
ફણીધર થઇ ડંસી કદરૂપો બનાવું,
ચાંદિને ચીરી હંફાવું હરાવું,
પળમાં પ્રતિજ્ઞાથી, પાડું એને, –આતસને૦

૯

મૃગલોચની–

જ્ઞાનવંતો પતી આપજો કીરતાર
શ્રેયઃકારી આશા મારી સુજ્ઞ સ્વામીની સેવથી
સદાય શાંતી થાય –જ્ઞાનવંતો૦
સુખ પામું, દુઃખ વામું,
મારા મનમાં છે એવા વિચાર
ફળે મનની ઇચ્છાઓ પામું હું ઉધાર
ટેક રાખો પ્રભુજી દયાલ
વાર વાર એજ માગું, પુરણ ધારી પ્યાર–જ્ઞાનવંતો૦

૧૦

મૃગલોચની, શ્યામ–

મારા સંસાર વનના પ્રવીણ ભોમીયા સાથ સદાય નિભાવજો
જુદાઈ કાંટાથી બચાવશો, સાથ સદાય નિભાવજો   મારા૦
ત્રિવિધ તાપને ટાળવા તરૂણ સદ્બોધ છાંયડે રાખશો
ગોરી ગુણીયલ સુંદર સંપૂર્ણ છો તમે ધીરજ અંતર ધારખશો-મારા૦
પ્રિતમ પામર પ્રમદા છું, નાથ નેહની નજર નાંખશો.
ભલે ભાવ ધરી ભૂજ ધારૂં છું, ભોળી ભામની ભય ન આંખશો–મારા૦

૧૧

મેના, પોપટ–

પઢો પઢો પઢાવું રસીયારે હાં
હાં રસીયા મેના હું મીઠી રે
વાહરે વા મીઠી વાહ મીઠી વાહ મીઠી રે પઢો૦
પઢો લટપટ પંખા, મેના રહી છું જંખા
મેની જણાતી બહુ બોલકણી
રંગે સંગે જમાડું, મેવા મીઠાઈ
નહીં લાજ તને આવે લગાર પઢો૦

૧૨

ગુણધર–સ્ત્રી–

જોયા ધુતારા ઠગારા ભરથારને
મતલબના યારને ઢોંગી સરદારને

જોયો જોયો જી જુઠાણું પ્યારને
વાહ વાહ...... જોયા૦
તજી દે નખરાં
બસ જાઓ પરા
નખરાંળી લાગે લટકાળી
હુંશીયારી, સઉ ભારી
મોઝે મણાતું હું જે જે તું ધારે
ફોકટ હોશીયારીને નાંખો વખારે
ચડો ન ચાળે—હાર્યો આ વારે
કેમ?
હા હા હાહા હા હા કહે તેમ—જોયા૦

૧૩

મૃગ૦, જ્ઞાન૦, દાસીઓ—

(ગરબો.)

સજની પ્યારી, સાતે વાર સોહામણા, રૂડા રૂપામણા,
મન લોભામણા, ગાઇએ ધારી પ્રેમ
જેમાં આવ્યા તમામ ધરમ વૃત્ત તેમ—સજની૦
આદીતે આયુ પતિનુંજ ચાહીયે,
સોમે સોમ સમા શુદ્ધ રહીએ રે
મંગળ મન મોહન મંગળ ગાઇએ
બુધે બુદ્ધિરૂપ નદીએ નાહીએ રે
રૂદીયામાં રાખાયે વળી રહેમ—જેમાં૦

રોશ ક્રોધ કરવો નહિં, કામની એકે વાર
વારવાર વિચારીયે, વનિતા વિધવિધ સાર
ગુરૂવારે ગુણ જ્ઞાન અનુભવ લઇએ રે
શુકર સતને પંથ દાનજ દઇએ રે
શની શીયળથી માનવંતા થઇએ રે
અધિક એથી શું કહોને કહીયે રે
આનંદે રાચીએ અલી એમ—સજની૦

૧૪

મૃગ૦ જ્ઞાન૦ સોહાગી, સગુણી.—

હજુ નાની ઉમર છે તમારી
જો. જો. કાં. ઇ. ગભરાતાં, લજવાતાં, છણુકાતાં—હજુ૦
કામરી રે જરી બોલ બોલે અલી ભર્મ મર્મ છોડી.
મળી જોડી સારી, અખંડ જામજો પ્રીત તમારી
શાને સહુ હસો, માફ રાખશો
વાહ રંગભીની યોવના—હજુ૦

૧૫

વામા, કામા—

બાંકે સાવરીયા નૈના લડાયે દીલ લે ગયો
બીર હાકી આગીયા, દે ગયો સીલગા ગયો —બાંકે૦
હઁસ હઁસ હમસે પ્રિત હુકી બતીયાં
કહે ગયો. ઉર રહે ગયો, દુઃખ દે ગયો —બાંકે૦
તક તક અખીયાં, જાદુ ટોના કરકે
કહાં ગયો, તરસા ગયો, મુરજા ગયો બાંકે૦

૧૬

કેતકી, સુંદર–

રફ ઝક છોડોરે, વસીયા છો અંતરમાં રશીયા–રફ ઝક૦
ડર ન ધરો કાંઇ દીલમાં દુરજન દેખે
પાલવીયા પાલવ છોડો
પ્રગટ ઉભા છું પડખે, લલના લેખે અલબેલી અંતર જોડો–છોડો૦
પ્રિત તમારી અંતર સાચી, કોટી વાતે થાય ન કાચી
મન વસીયા, દીલ કસીયા, રસીયા–રફ ઝક૦
હઠ છોડો પ્રિતમ આ વારે, પાય પડુ છું આજ તમારે
શું ધસીયા, શું હસીયા, રસીયા—રફઝક૦
શરમ ન રાખો
ભરમ ન નાખો
આવી ન કરો હઠ
ચરણ ધરો ચટ
હળવા વદો પ્રિય
આમ ન વદો પ્રિય
કમર મરોડો છોડો રે

૧૭

સુંદર, કેતકી, નટો–

દીલદાર પ્યારના ઉમેદવારની સલામ
જી સલામ છે, સલામ છે, સલામ છે
અફસોસ ઉર છે જી જવાથી નેક નામ

જી સલામ છે, સલામ છે સલામ છે.
પધારજો મહેરબાન, વ્હેલા અમ મુકામ
છીં નામદાર, તાબેદાર, આપના તમામ
જાણશો નહીં જુદાઇ છું હું પ્રેમનો ગુલામ
જી સલામ છે, સલામ છે, સલામ છે.
રૂખસત લઉ છું, ન્યારો થઉ છું તમથી આવારે
પધારશો હજુર હરદમ મળવા મન ધારે
રે હાય નસીબ હાય ગઇ દીલદાર, બસ સલામ
જી સલામ છે, સલામ છે, સલામ છે.

૧૮

મૃગલોચની–

અંતર લાય બળતી લાગ ઓલવ તું હરી
વિયોગી નાર પ્રિતમ બાળમાં રહી ફરી
જેમ જળ વિનાનું મીન, તેમ ટળવળું હું દીન
જગત સુનું શ્યામ વિણ, દુઃખની ભરી–અંતર૦

——∗○∗——

અંક ૨ જો.

૧૯

કેતકી.

હો હું કેમ રાખું રે સુંદર તણી પુરી પ્રીત. હો.
નાત અવર એ અમથી હો. નટો. અંતરમાં હાં. દાઝે-હો હું કેમ.
સ્વાર્થ વશી મળવા દે ન મુખી રોકી ટોકી મને કળહીન કીધી
અરસપરસનાં વાત થાય, વિઘ્ન વળી નાંખે-હો હું કેમ.

૨૦

શ્યામ

પલમાં શુંનું શુંય કરે હે ત્રાતા
ટીપે સીંધુ ભરે શંકા કાંઇના-પલમાં.
પ્હાડ કરે ઝીણી રાઇનો જોતાં જોતાં
ગહન ગતી કીધી જાયના-પલમાં.

૨૧

મૃગલોચની.

પતિવૃત પ્રમદાનો શણગાર
સજે તે શુદ્ધ શિયળવતિ નાર
દેવ સેવ વૃત નેમ તપસ્યા
દાન પૂન્ય બહુ જપને જાપ
પણ શ્રીનું મંગળ પતિ નામે
પતિ પુજનથી નારી સુખ પામે-પતિવૃત.
પર્મ ધર્મ દાતા પિતુ ગુરૂને

દેવ દેવી પ્યારા પરમેશ
એ સહુ પણ નારી જગમાંયે
પતિ સેવાથી મુક્તી પદે જાયે—પતિવ્રત.

૨૨

મૃગ૦ શ્યામ—

પ્રીતમ પ્યારા નેના તારા સુંદર સુરતરે
રે ગોરી તારી વાણીમાં વરસે અમૃતરે
નેહ નીરખીયા પ્રીતિના દરીયા
રંગે રસીકા રહો રહો —હવે.
સંગે સદાય જેમ નીલમ કનક સાથે તેમ
મનહર માથાના મુગટરે-પ્રીતમ.
ચંચળ ચપળ વિમળ સરલ મંજુલ માનુની મન વસી
ચતુર સુઘડ સુખદ મૃદુલ મોહની મુરત ઉર ઠસી.
હો હરી !
સુંદરી ?
માલીક મારા તનના, મનના, ધનના
નીરખી નયન ઠરતરે—પ્રીતમ.

૨૩

જ્ઞાનવતિ.

મન મોહ્યું મદન છબી જોઇ હ્રદયમાં હરખાઇ
પીને પ્રીતીની પ્યાલી બની હું મતવાલી ઘેને ઘેરાઇ—મન.
પાસ પડી બાળા, પહેરાવું પ્રેમ માળા.

ગુણશાળીને જ્ઞાને હું લોભાઈ
સ્નેહ સાંકળમાં સજ્જડ હું સંકળાઈ.—મન૦

૨૪

શ્યામ—

આ કરમે કાંઈ અજબ જણાયે (૨)
બહુ બહુ બાબત સાગર રેલે
તેમાં આ તન નાવ તણાયે
તું સહાયક પ્રભુજી, તું વીણ એક ન કાર્ય સધાયે
નારાયણ નીભાવ લાજ તું
આરાધન એમજ ઉરમાંયે

૨૫

સુખ, હલ, સ્ત્રી, મેના, પોપટ, વિ૦—

નકટીને જોઈ બળી રહે નકટીને.
ભૂતને પીપળો મામાને ખીજડો, ચોટ્ટાથી ભામટા બળી રહે. નકટીને.
મૂછોને મેલા કાળાને ઘેલા, ગોરાને ચામઠાં હળી રહે. નકટીને.
રંડાને રેઢીયાળ બોથડને બુંદીયાળ લાકડે માંકડું જડી રહે. નકટીને.

૨૬

કેતકી સુંદર—

મને હાય નાહક મારી મને પ્રાણહર પ્રેમની કટારી
અરે માન તું મદભેલી અને ચાલ કર રસ રેલી—મને૦

કેતકી—રાખું કરી શીર તાજ સુંદર પ્યાર પર નીસાર છું
પણ કદ્ર કેતકાની નથી બેકદ્રથી બેજાર છું

સુંદર--ધન્ય ધન્ય સુંદરી સુખદાય
વાહજી વાહજી કુંવરરાય
અમને ચમને રહો સદાય

સુંદર—એજ ઉમેદ છે અંતરમાંય—મને હાય૦
કદી રોષ ન કરશો પ્યારી
હઠથી હું જાઉં છું હારી
પ્રીતી એવીજ અટારી
એ છેડછાડ છે ન્યારી—મને હાય૦

૨૭

મદનસીંહ—

કનકલતા રસરૂપની ભરી રે
મદનસુંદર તન સુર સુંદરી રે
નૌતમ નવલ ત્રિયા પ્રવિણ અનુપ પ્રીયા
ઉર્વશી રતિ રંભા કે કીન્નરી રે—કનક૦
કમળવદન તારૂં ભ્રમર છે મન મારૂં
પ્રસન્ન કરો રામા પ્રેમ ધરી રે—કનક૦

૨૮

મદનસીંહ—

કાયા આ કુપાત્ર તેની પ્રતિતી નવ કરીયે રે
પ્રતિત નવ કરીયે કદીયે. પ્રતિતી ન કરીયે રે
જળનો પરપોટો જેવો, ખેલ તેનો ખોટો તેવો
કાચ પાત્ર માની તેના મોહમાં ન મરીયે રે—કાયા૦

કાચો કુંભ તન પરખાએ ફુટી જાયે ક્ષણુની માંયે
બળી રાખ થાય તેની, પ્રોતી પરહરીયે રે—કાયા૦

૨૯

હળધર ગુણધર—

કોણુ કહેછે કે હું સીધો નથી ભાઇ કોણુ કહેછે મારી એ વાતે ના
અરે વાહ રે વાહ
કોણુ કહેછે કે હું ભલો નથી ભાઇ કોણુ કહેછે કે મારી ખોટી છે શા
ભાઇ નારે ના
કોણુ કહેછે કે હું સાચો નથી ભાઇ કોણુ કહેછે કે હું ફેંકું છું ધા.
નારે ના બા—કોણુ કહેછે.
કોણુ કહેછે કે હું કુલ મારૂં ભાઇ
કોણુ કહેછે કે આ સાંપીનો ધા
કેમ બોલો તો ખરા
શું બોલાયે!
કોણુ કહેછે કે હું જાડો નથી ભાઇ કોણુ કહેછે કે હું પાડાનો ભા
અરે હા હા રે હા

૩૦

મદનસિંહ—

મૃગનયની જો મળે દરદી દીલ તો ઠરે
અલબેલી પ્યારી—મૃગ૦
નેત્ર કટાક્ષતણા શર મારી તેં જખમ કર્યો ઉરમાં અતિ કારી
ભ્રાન્તી ટળે ઉર શાન્તી વળે.
જોયે ભાવે ભળે - મૃગ૦

૩૧

મદનસીંહ મૃગ—

મદન નાશકારી
આવ્યાં નાથ પ્રીતી સાથ શરણે તમારે તમારે—મદન૦
મહાદેવ, આપો સેવ, સેવકને નિત્ય મેવ,
આશુતોષ, તમ વિણુ, કોણુ ઉગારે ઉગારે

અંક ૩ જો.

૩૨

પ્રજાજનો—

હા હર હર કાળ આ ઘર ઘર જાગી
આ કાળ આ ભયકર વિકરાળ આ—હર હર૦
વિના પાણી, પશુ પ્રાણી, મરણની સોડ તાણી.
અહાહાહા જગપર અતિ દુઃખ આ
બચાવ તું બચાવ તું બચાવ તું ઘન જગ વરસાવ તું
રહેમ ક્ષેમ પ્રેમ પરખાવ તું, દરસાવ તું, દરીવાવ તું—હા૦

૩૩

મદનસીંહ —

સંસાર વીચારતાં સાર નહીં
જન નિર્ભય કોઇ ઠાર નહિ—સંસાર૦

નશ્વર અંચળ નવ ઘડીભર, પલભર, દમભર
જુઠું જીવિત,
અતિ વિપત્તિનીવારી, જોઈ સારમાં, કારભારમાં
કાર કારમાં
ઘર ઘર ચીંતા ન્યારી ન્યારી
શિર દુઃખ ભાર માર

૩૪

મદનસીંહ—

ભજ ભજ સિતારામ મનવા ભજ ભજ.
અંત સમે કોઇ કામ ન આવે, સિવાય રામનું નામ
જેહ ભજ્યે વિભીષણ દાનવ, પાંમ્યો કેવળ ધામ
વાળી મહા પાપી પણ તાર્યો, પામ્યા પુરણકામ
દશરથ નંદન ભવ ભય ભંજન, સુંદર શ્રી ઘનશ્યામ.

૩૫

જ્ઞાનવતી મદન—

પ્રિય શ્યામ તજો નહ આમ, મોહનજી દર્શન દઈ
સુખ ધામ મોહનજી દર્શન દઈ—પ્રીય શ્યામ૦
સમજો બાળા સુજાણ, ગુણખાણ, પ્રીય પ્રાણ.
ધ્યાન ન ધરૂં રતિ કામ, નામ—પ્રીય શ્યામ૦
તમ કને હું આ રીતે આવ્યો છું અંતર કહેવા
છોડો માયા હું હવે, બસ જાઉં જંગલ રહેવા

નવ તન મન અરપણુ કરતાં, રહો બેદીલથી ડરતાં
ચતુર સુજાણ કરૂણા કરોજી, સ્નેહથી વરોજી
સમજ ધરોજી હાં.......

૩૬

શ્યામ—

વારે ચડો વનમાળી (૩) રે
શી કસુર કૃષ્ણજી મારી થઇ કાયા કુબ્જ અકારી
દુઃખનાં ડુંગર શીર ભારી (૩) રે
કર ઝાલી લ્યો ઉગારી, એકે ન ઉગરવા બારી
ગોવીંદ શ્રી ગીરીધારી (૩) રે

૩૭

શ્યામ—

હતી રાજાની કુમારી હતો સુખકર અવસર
વરી જ્ઞાની પતિને પામીને પ્રિયકર અવસર
ક્ષયને શ્યામના વિયોગે, ઘર તજ્યું ત્રિયાએ
ફરી આવીને મળી વન વિશે મનહર અવસર
હાય દુઃખ તે પર રે આવું હું શું કહું
શિરપરે સંકટ હા આવું હું શું કહું
નશીબે આવ્યો અચાનક વળી ભયકર અવસર
વનમાં પ્યાસી પ્રિયા પડી અહા આખર અવસર
ગયો જળ કાજ પતિ પુછે ઓ ઇશ્વર ઈશ્વર
પ્યાસી નારીનું હરણુ સેંકડો દુઃખકર અવસર
હાય દુઃખ તેપર

૩૮

સુંદર—

અસહ્ય વ્યાધી વિણુ પાર હૃદય હણાય
અગન અગંન તન મન થઈ મરણુ શરણુ બસ
વિચીત્ર પ્રીતિ બુરી અથીતી
તજતાં તે તજાય નહીં, વિયોગ ખમાય નહિં
કોઈ ઉપાય નહિં. અસહ્ય.

૩૯

મેનાં પોપટ—

જોયા જોયા જી પોપટરાય મેના રાણીને સોહાય
જો જો કોઈ આવે છે.—ચુપ ચુપ ॥
શાદ્દ કેવો લાગે છે.—ચુપ ચુપ ॥
રાણીજી રૂમઝુમ ચાલ ચાલો જી
રાજાજી થઈ જરા સાથ ચાલો જી
જરા હોંસેથી બાથ રાણી ભરતા જાઓ
રાજા હૈડામાં ઘાલીને મળતા જાઓ
જો જો કોઈ આવે છે.—ચુપ ચુપ ॥
શાદ્દ કેવો લાગે છે—ચુપ ચુપ ॥
હસી હસાવી રાજા હેત લાવો જી
ધીરે ધીરે હુકમ રાણી ફરમાવો જી
રાજા લાખેણાં લાડ લડાવતા જાઓ
રાણી પંખાથી પવન ઉડાવતા જાઓ

જો જો કોઇ આવે છે—ચુપ ચુપ ॥
રોઇ કેવો લાગે છે.—ચુપ ચુપ ॥

૪૦

ગુણુ૦ હળ૦—

વાહ અક્કલ વાહ શીકલ ફટફટ નાદાન
ધનચક્કર ઓ ખચ્ચર કેવો બેભાન
આહ હાહાહા આહ હાહાહા બીલકુલ બેધ્યાન
હી હીહીહાહી હી હીહી હીહી ખાસો હેવાન
બસ બસ કર બસ બસ કર બસ કર અનજાન
જા જારે મુજી શયતાન—વાહ અક્કલ.

૪૧

મૃગ—

રે રંકનારી, દુઃખીયારી, બિચારી.
હાં વિના પ્રીય-તમ નોધારી
પ્રજળી મરે જેવી સુકોમળ વાડી.
અણમાણી આંસુ આણી રહેતી મનને મારી—રે
વિના વર્ષાઋતુ ન વીજ ઝબકતી કદાપિ
જોડી સારસની વિખુટી ન જીવતી કદાપિ
સ્વાતિના નીર વિના, ન પીયે ચાતકી કદાપી
શશીપ્રભા વિના ન પોયણી ખીલતી કદાપી
સ્ત્રીની એવી રીતી, એવી સ્થીતી, સાચી નીતિ
માછલી નીરથી ન્યારી રે રંક નારી.

૪૨

સર્વે—

મગન મગન સહુ આજ મનમાં
આનંદ આનંદ આજ ભુપત ભુવનમાં
થઇ ઉમાપતિની દયા, પુર્ણ પ્રીતી ભરીજ ખરી
વાસવ સાથ પ્રગટ્યા નાથ,
સ્હાયે રહેવાને જાણી સેવાને
સ્નેહ નીતી રીતી. પ્રમાણી સુખ દેવાને.
શોભા જામી સારી, ઈન્દ્રપુરી ન્યારી
બની છે બહારી, ગયાં દુ:ખ હારી
પુર્ણ કામ ધુમધામ, ઉત્સવની ઉત્તમ ઘડી.
મગન મગન.

॥ शुभम् इति ॥